**GJAN080001132025**

**<u>–::નમૂનો–અ::–</u>** આંક–૧૫

| **ઉમરેઠના પ્રિન્સિપાલ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,<br>મુકામ: ઉમરેઠ.<br>ચુકાદાની તારીખ :–૧૦/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નં:– ૮૮/૨૦૨૫** | |
|---|---|
| ગુનાની કલમ | **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) અને એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪, મુજબ** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૫૦૩૫૨૪૦૪૧૬/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉમરેઠ |
| ફરીયાદીપક્ષ | સરકાર શ્રી. |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **જશપાલસિંહ પ્રવિણસિંહ ચૌહાણ,**<br>ઉ.વ.૨૫, ધંધો–નોકરી,<br>રહે. જુના સિહોર, તા.સાવલી, જી.વડોદરા. |
| રજુઆત | વિ.વકીલશ્રી **જે.એમ.સૈયદ** |

**<u>–::નમૂનો–બ::–</u>**

| | |
|---|---|
| ગુન્હા ની તારીખ | ૦૯/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૯/૦૮/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૧/૨૦૨૫ |

| | |
|---|---|
| પ્લી લીધાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ<br>(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **જશપાલસિંહ પ્રવિણસિંહ ચૌહાણ** | ૧૮/૦૮/૨૦૨૪ | – | **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) અને એમ.વી.એકટ નીકલમ–૧૭૭,૧૮૪, મુજબ** | નિર્દોષ છોડ્યા | – | – |

## ::નમૂનો ક::

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | અંજુબેન નીતેશભાઈ વાઘરી | ફરીયાદી |
| ફ.સા. ૨ | નિતેશભાઈ ચંદુભાઈ વાઘરી | સાહેદ |
| ફ.સા. ૩ | ઉષાબેન અશ્વિનભાઈ તળપદા | સાહેદ |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરિયાદી–અંજુબેન નીતેશભાઇ વાઘરીની સોગંદ ઉપર જુબાની |
| ૨ | ૦૬ | ફરિયાદ |
| ૩ | ૦૭ | સાહેદ–નિતેશભાઇ ચંદુભાઇ વાઘરીની સોગંદ ઉપર જુબાની |
| ૪ | ૦૮ | સાહેદ–ઉષાબેન અશ્વિનભાઇ તળપદાની સોગંદ ઉપર જુબાની |
| ૫ | ૧૨ | કલોઝિંગ પુરશીશ |

## ::–ચુકાદો–::

### (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, ગુન્હો:– કલમ બી.એન.એસ ૨૮૧,૧૨૫(એ), ૧૨૫ (બી) એમ.વી.એક્ટ ક.૧૭૭, ૧૮૪ મુજબ આરોપી બાઇક નંબર જી.જે.૦૬ ક્યુ.એફ.૭૧૯ના ચાલકે પોતાનુ બાઇક પુરઝડપે, બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના સાહેદના મોટર સાયકલ નંબર જી.જે.૨૩–એ.એમ.૮૯૫૫ ને સામેથી

અથડાવી ફરિયાદીનાં સાહેદ પતિને તથા સાહેદ નણંદને રોડ ઉપર પાડી દઈ ફરિયાદીના સાહેદ પતિને ડાબા પગની ઘુંટીમાં તથા પંજામાં તેમજ ડાબા હાથનાં કાંડામાં ફ્રેક્ચર કરી અને સાહેદ નણંદને ડાબા પગે તથા જમણા પગના ઢીચણમાં, ઘુંટીમાં તેમજ પંજામાં તથા ડાબા હાથના કાંડામાં ફ્રેક્ચર કરી અને આરોપી બાઇક વાળાએ પોતાને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણે ઈજાઓ કરી ગુનો કર્યા વિગેરે બાબત વિરુધ્ધ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**<u>(૨) ન્યાયિક કાર્યવાહી :–</u>**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૩ થી ગુન્હા અંગે સમજ લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૨ થી રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

<u>( ૩ )</u> ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.સી.બારોટની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ. વકીલશ્રી જે.એમ.સૈયદની મૌખિક દલીલો સાંભળી.

**–::મુદાઓ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી બાઇક નંબર જી.જે.૦૬ ક્યુ.એફ.૭૧૯ના ચાલકે પોતાનુ બાઇક પુરઝડપે, બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના સાહેદના મોટર સાયકલ નંબર જી.જે.૨૩–એ.એમ.૮૯૫૫ ને સામેથી અથડાવી ફરિયાદીનાં સાહેદ પતિને તથા સાહેદ નણંદને રોડ ઉપર પાડી દઈ ફરિયાદીના સાહેદ પતિને ડાબા પગની ઘુંટીમાં તથા પંજામાં તેમજ ડાબા હાથનાં કાંડામાં ફ્રેક્ચર કરી અને સાહેદ નણંદને ડાબા પગે તથા જમણા પગના ઢીચણમાં, ઘુંટીમાં તેમજ પંજામાં તથા ડાબા હાથના કાંડામાં ફ્રેક્ચર કરી અને આરોપી બાઇક વાળાએ પોતાને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણે ઇજાઓ કરી બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટ કલમ –૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

**(૪)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–::કારણો::–**

**મુદા નંબર :– ૧**

**(૫)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૦૫ થી ફરિયાદી અંજુબેન નીતેશભાઇ વાઘરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત દર્શાવેલ સરનામે મારા પરિવાર સાથે રહુ છું અને ઘરકામ કરુ છું મારા પતિના નામે એક હીરો કંપનીનુ પેસન પ્રો મોડલનુ બાઇક ન.જી.જે ૨૩

એ.એમ ૮૯૫૫ નુ છે. ગઈ તારીખ ૦૮/૦૮/૨૦૨૪ ના રોજ મારા દિકરા જયનિશની બાધા હોય અને તે પુરી કરવા મારા પતિ તથા મારા નણંદ ઉષાબેન નાઓ જમી પરવારી રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ અમારુ ઉપરોક્ત મોટરસાઇકલ લઈ અમારા ઘરેથી પાવાગઢ જવા નીકળેલ અને આશરે બારેક વાગ્યાની આસપાસ મારા પતિનો મારા ઉપર ફોન આવેલ અને મને જણાવેલ કે બેચરી થી સુરેલી તરફ જતા વળાંક પાસે સામેથી આવતા એક બાઇકચાલક સાથે અકસ્માત થયેલ છે અને મને તથા ઉષાને વાગેલ હોય જેથી એક ફોરવ્હીલ ગાડીમા અમો સારવાર માટે ઉમરેઠ નિવાન હોસ્પીટલમા જઈએ છીએ જેથી તમો આવો તેવી વાત કરેલ જેથી હુ તથા મારા જેઠ દિનેશભાઈ તથા દિયર પ્રકાશભાઈ એ રીતેના ઉમરેઠ નિવાન હોસ્પીટલ ગયેલ અને મારા પતિને ડાબા પગની ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામા ફેકચર થયેલ અને મારા નણંદ ઉષાબેનને ડાબા પગે તથા જમણા પગના ઢીંચણમા ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામાં ફેક્ચર થયેલ.બનાવ અંગે મે ઉમરેઠ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. જે ફરિયાદની ઝેરોક્ષ નકલ મને બતાવામાં આવે છે જે જોઈ ને કહુ છુ કે તેમાં મારી સહી છે. જેને બચાવ પક્ષની સમંતી થી રજૂ દાખલ આંક–૦૬ આપવામાં આવે છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે,૩. એ વાત ખરી છે કે મારે તથા મારા પતિ તથા મારા નણંદને આરોપી સાથે ઘરમેળે સમાધાન થયેલ છે. એ વાત ખરી નથી કે મે મારી પોલીસ રૂબરૂની ફરિયાદમાં એવુ લખાવેલ કે,મારા પતિને અકસ્માત બાબતે પુછતા જણાવેલ કે અમો અમારી સાઈડે બાઇક લઈને જતા હતા ત્યારે સામેથી એક બજાજ કંપનીનુ પલ્સર બાઇક નં.જી.જે ૦૬ ક્યુ.એફ ૭૧૯ ના ચાલકે પોતાનુ બાઈક પુરઝડપે, બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી લાવી અમારા મોટરસાઈકલ જી.જે ૨૩ એ.એમ ૮૯૫૫ ને સામેથી અથડાવી મને તેમજ ઉષાબેનને શરીરના જુદા જુદા ભાગોએ ઈજા કરેલ અને બાઈકવાળાએ પોતાના શરીરે પણ વત્તા ઓછા પ્રમાણે ઈજાઓ કરેલ.એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે હુ ઘરે હતી તથા બનાવની જાણ મને ફોન દ્વારા થયેલી.એ વાત ખરી છે કે મે બનાવ નજરો નજર જોયેલ નહી જેથી કહેવાતો અકસ્માત નો બનાવ કેવી રીતે અને કયા સંજોગો માં બનેલો તે હુ ના કહી શકું. એ વાત ખરી છે કે અકસ્માત કોની ભુલ થી બનેલો તે પણ હું ના કહી શકું. એ વાત ખરી છે કે મે ફરીયાદ વાંચેલી નહી.

<u>( ૬ )</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૦૭ થી સાહેદ નિતેશભાઇ ચંદુભાઇ વાઘરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત દર્શાવેલ સરનામે મારા પરિવાર સાથે રહુ છું અને ખેતી કરુ છું. મારા નામે એક હીરો કંપનીનુ પેસન પ્રો મોડલનુ બાઈક નં.જી.જે ૨૩ એ.એમ ૮૯૫૫ નુ છે. ગઈ તારીખ ૦૮/૦૮/૨૦૨૪ ના રોજ મારા દિકરા જયનિશની બાધા હોય અને તે પુરી કરવા હુ તથા મારા બેન ઉષાબેન નાઓ જમી પરવારી રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ અમારુ ઉપરોકત મોટરસાઇકલ લઈ અમારા ઘરેથી પાવાગઢ જવા નીકળેલ અને આશરે બારેક વાગ્યાની આસપાસ સુલતાનપુરા પાટીયેથી આગળ વળાંકમા સામેથી આવતા એક બાઇકચાલક સાથે અકસ્માત થયેલ અને જેથી હુ તથા મારી બેન તથા સામાવાળા બધા રોડ ઉપર પડી ગયેલા.સામેથી અકસ્માત કરનાર બાઈકનો નંબર જોતા જી.જે ૦૬ કયુ એફ ૭૧૯ નો હતો અને વાગેલ હોય જેથી એક ફોરવ્હીલ ગાડીમા અમો સારવાર માટે ઉમરેઠ નિવાન હોસ્પીટલમા લાવેલ જેની જાણ મે મારી પત્નીને કરેલ. મને ડાબા પગની ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામા ફેક્ચર થયેલ અને મારા બૈન ઉષાબેનને ડાબા પગે તથા જમણા પગના ઢીંચણમા ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામા ફેક્ચર થયેલ. બનાવ અંગે મારી પત્નીએ ઉમરેઠ પો.સ્ટેમા ફરીયાદ આપેલી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે મારે તથા મારી પત્ની તથા

મારા બેનને આરોપી સાથે ઘરમેળે સમાધાન થયેલ છે. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે,મે મારી પત્નીએ અકસ્માત બાબતે પુછતા જણાવેલ કે અમો અમારી સાઈડે બાઈક લઈને જતા હતા ત્યારે સામેથી એક બજાજ કંપનીનુ પલ્સર બાઈક નં.જી.જે ૦૬ ક્યુ.એફ ૭૧૯ ના ચાલકે પોતાનુ બાઈક પુરઝડપે,બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી અમારા મોટરસાઈકલ જી.જે ૨૩ એ.એમ ૮૯૫૫ ને સામેથી અથડાવી મને તેમજ ઉષાબેનને શરીરના જુદા જુદા ભાગોએ ઈજા કરેલ અને બાઈકવાળાએ પોતાના શરીરે પણ વત્તા ઓછા પ્રમાણે ઈજાઓ કરેલ.એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે અચાનક બનેલ હોય જેથી કહેવાતો અકસ્માત નો બનાવ કેવી રીતે અને કયા સંજોગો માં બનેલો તે હુ ના કહી શકું. એ વાત ખરી છે કે અકસ્માત કોની ભુલ થી બનેલો તે પણ હું ના કહી શકું.એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માત કરનાર બાઈકચાલકની અંગે હુ કહી શકુ નહી.એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો ખાડા ટેકરાવાળો અને વળાંકવાળો હોય જેથી તેના ઉપરથી કોઈ પણ વાહન ધીમી ગતિએ પસાર થાય.એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ તે સિવાય કઈ પુછેલ નહી.

<u>(૭)</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૦૮ થી સાહેદ ઉષાબેન અશ્વિનભાઈ તળપદાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત દર્શાવેલ સરનામે મારા પરિવાર સાથે રહુ છું અને ઘરકામ કરુ છું. મારે બે ભાઈઓ દિનેશભાઈ તથા નિતેશભાઈ છે. ગઈ તારીખ ૦૮/૦૮/૨૦૨૪ ના રોજ મારા ભાઈના દિકરા જયનિશની બાધા હોય અને તે પુરી કરવા હુ તથા મારો ભાઈ નિતેશનાઓ જમી પરવારી રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ અમારા ભાઈનુ મોટરસાઈકલ નં.જી.જે ૨૩ એ. એમ ૮૯૫૫નુ લઈ અમારા પીયરથી પાવાગઢ જવા નીકળેલ અને આશરે બારેક વાગ્યાની આસપાસ સુલતાનપુરા પાટીયેથી આગળ વળાંકમાં સામેથી

આવતા એક બાઈકચાલક સાથે અકસ્માત થયેલ અને જેથી હુ તથા મારો ભાઈ તથા સામાવાળા બધા રોડ ઉપર પડી ગયેલા અને મારા ભાઈને ડાબા પગની ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામાં ફેકચર થયેલ અને મને ડાબા પગે તથા જમણા પગના ઢીંચણમા ઘુંટીમા તથા પંજામા તથા ડાબા હાથના કાંડામાં ફેક્ચર થયેલ.બનાવ અંગે મારી ભાભીએ ઉમરેઠ પો.સ્ટેમા ફરીયાદ આપેલી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે મારે તથા મારી ભાભી તથા મારા ભાઈને આરોપી સાથે ઘરમેળે સમાધાન થયેલ છે. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવું લખાવેલ કે, બાઈક નં. જી.જે ૦૬ યુ.એફ ૭૧૯ ના ચાલકે સામેથી આવી અમારા બાઈક સાથે અકસ્માત કરેલ.એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે અચાનક બનેલ હોય જેથી કહેવાતો અકસ્માત નો બનાવ કેવી રીતે અને કયા સંજોગો માં બનેલો તે હુ ના કહી શકું. એ વાત ખરી છે કે અકસ્માત કોની ભુલ થી બનેલો તે પણ હું ના કહી શકું.એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માત કરનાર બાઈકચાલકની સ્પીડ અંગે હુ કહી શકુ નહી.એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો ખાડા ટેકરાવાળો અને વળાંકવાળો હોય જેથી તેના ઉપરથી કોઈ પણ વાહન ધીમી ગતિએ પસાર થાય.એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામું પુછેલુ તે સિવાય કઈ પુછેલ નહી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

<u>(૮)</u> આમ, આ કામે જયારે બનાવ દરમ્યાન આ વાહન કોણ ચલાવતું હતું અને તે બેદરકારી ભરી રીતે અથવા તો ગફલત ભરી રીતે ચલાવતા હતા કે કેમ? તે બાબતે વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

<u>(૯)</u> ઉપરોકત સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળું વાહન ચલાવતા હોય, તેમજ તે સમયે આ આરોપી ઉપરોકત વાહન ગફલતભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ, તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો દ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

<u>(૧૦)</u> હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જ્યારે પુરાવાકીય રીતે આરોપી બનાવ સમયે તેવું કૃત્ય કરેલ હોય કે બેફામ અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતું ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય અને બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ મારૂ નમ્રપણે માનવું છે.

જયારે આ કામે હાલના આરોપી સામે ભારતીય ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો આક્ષેપ છે. જે કલમો ઈજા પામનારને બેદરકારી, ગફલત ભર્યા કૃત્યના કારણે વ્યથા તથા મહાવ્યથા થવા અંગેની છે. પરંતુ જયારે આ કામે હાલના આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ અન્વયે વાહન ચલાવી કોઈ બેદરકારી, ગફલત ભર્યા

કૃત્યને આધારે આ ગુનો બનેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, ત્યારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોવાનું મારૂ નમ્રપણે માનવું છે તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪, મુજબના ગુના માટે જયારે આ કામે હાલના આરોપી બનાવવાનું વાહન બેદરકારી ભરી રીતે ચલાવતા હોય અને તેથી થયેલ અકસ્માત બાદ તેઓ ભાગી ગયેલ હોવાની હકીકત પણ પુરવાર થતી ન હોય ત્યારે પણ હાલના આરોપીને મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪, મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

**(૧૧)** આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા, તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તે ફરીયાદપક્ષને મદદરૂપ સમર્થન કરતો પુરાવો બનતો નથી. આ કામે તપાસેલ સાહેદોએ ચાલક બેદરકારી અને ગફલતભરી રતી વાહન ચલાવતા હોવાનું પુરવાર કરી શકેલ નથી. આમ, જયારે અકસ્માત કરનાર ચાલાકની બેદરકારી પુરવાર થતી નથી, ત્યારે ના. સુપ્રીમ કોર્ટ દ્વારા [2014] 1 Crimes (SC) 319, Basappa V/s. State of Karnataka ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, જયાં સુધી ફરીયાદપક્ષ અકસ્માતવાળું વાહન અકસ્માત સમયે આરોપી દ્વારા બેદરકારીથી ચલાવવામાં આવતું હતું તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોય, ત્યારે તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી, જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે અકસ્માતવાળું વાહન આ કામના આરોપી જ બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવતું હતું તે બાબતે કોઈ વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી.

આમ, આ સંજોગોમાં આરોપીના નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત

કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય મુદ્દા નં.૧નો નિર્ણય ''નકારમાં" નિર્ણિત કરી, આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકતો મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

૧) આ કામના આરોપી **જશપાલસિંહ પ્રવિણસિંહ ચૌહાણ,** ઉ.વ.૨૫, ધંધો–નોકરી, રહે. જુના સિહોર, તા.સાવલી, જી.વડોદરાનાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) અને એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના અગાઉના જામીનખત તથા જાતમુચરકા અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે લંબાવવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૦, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬
ઉમરેઠ, આણંદ.

(શાલિની એસ. બારડ)
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ, આણંદ.
જી.જે.૦૧૫૭૩

S.B.ZALA-Guj. Steno